## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




અલી હવે સાડી ખરીદવાની મજા પડશે... સવાર સુધીમાં એકાદી સાડી તો ખરીદી શકીશું...!






ન્યુ ગાંધીનગર ખાતે મા ઉમિયાજીના રથનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. અહીંની વિવિધ સોસાયટીઓના પાટીદાર આગેવાનો દ્વારા ઉમિયારથનું ખૂબ ઉલ્લાસભેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

# સે-૨૮ ગવર્મેન્ટ કોલેજની હોસ્ટેલમાં બહારના તત્વોનો આતંક

**તું અમારા વિરૂધ્ધમાં આચાર્યને કેમ અરજીઓ કરે છે તેમ કહીને ચાર શખ્સો હોસ્ટેલના છાત્રો પર તૂટી પડયા : દારૂની ખાલી બોટલ છૂટ્ટી ફેંકીને હોસ્ટેલના વિદ્યાર્થીઓને જાનથી મારી નાખવાની ધમકી આપી : પોલીસ ફરિયાદ નોંધાઇ**

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ ખાતે આવેલી ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજની બોયઝ હોસ્ટેલમાં ગઈ કાલે રાત્રે નવ વાગ્યાના અરસામાં હોસ્ટેલ બહારના તત્વોએ આવીને ધમાલ મચાવી મૂકી હતી. તું અમારા વિરૂદ્ધમાં આચાર્યને કેમ અરજીઓ કરે છે તેમ કહીને હોસ્ટેલ બહારનાં શખ્સોએ મળીને હોસ્ટેલના છાત્રો પર હુમલો કર્યો હતો. દારૂની ખાલી બોટલ લઈને આવેલા શખ્સે બોટલ છુટ્ટી ફેંકીને છાત્રો પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાત્રે બુમાબુમ થઈ જતા હોસ્ટેલના છાત્રો એકત્ર થઈ ગયા હતા જેને પગલે હુમલાખોર તત્વો ભાગી છૂટયા હતા. રાત્રે પોલીસ બોલાવીને ઘાયલ છાત્રોએ પોલીસ સ્ટેશન જઈ ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

સેક્ટર-૨૮ ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ ખાતે આવેલી બોયઝ હોસ્ટેલમાં રૂમ નંબર-૨૧૫માં રહેતા અને મૂળ જુનાગઢના વતની વિદ્યાર્થી ગોપાલ પ્રફુલભાઈ સોલંકી સે-૨૧ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગઈકાલે રાત્રે જમવાના સમયે ગોપાલ તેના મિત્રના રૂમમાં ડુંગળી લેવા ગયો હતો અને ત્યાંથી પરત ફરતો હતો તે સમયે હોસ્ટેલ બહારના તત્વોએ હુમલો કર્યો હતો. હોસ્ટેલના આચાર્યને કોઈએ રજૂઆત કરી હતી કે બહારના છોકરાઓ હોસ્ટેલમાં અવરજવર કરી રહ્યા છે. આ રજૂઆતો ગોપાલ અને તેના મિત્ર હર્ષે કરી હોવાનો વહેમ રાખીને બહારના થતું હોય તેમના ઉપર હુમલો કર્યો હતો. હોસ્ટેલમાં રહેતા નિખિલ વાઘેલાના રૂમમાંથી કેવલ જોશી નામનો શખ્સ બહાર નીકળ્યો અને ગોપાલને ધક્કો મારીને બબાલ શરૂ કરી હતી. તું અમારા વિરુદ્ધમાં આચાર્યને કેમ અરજીઓ કરે છે તેમ કહીને ગાળા ગાડી શરૂ કરી દીધી હતી અને મારઝૂડ શરૂ કરી દીધી હતી. કેવલ જોશી બબાલ કરી રહ્યો હતો ત્યાં જ તેનો સાગરીત કુલદીપ ગોલ હાથમાં દારૂની ખાલી બોટલ લઈને આવી પહોંચ્યો હતો અને છૂટ્ટી દારૂની બોટલ ફેંકી હતી. તેટલામાં તેમનો બીજો સાગરીત દિવ્યરાજ ગોહિલ પણ આવી પહોંચ્યો હતો ને ફેંટો મારવાનું શરુ કરી દીધું હતું. ગોપાલ અને તેના મિત્રો સાથે મારઝૂડ કરી મૂકી હતી. તેટલામાં કુલદીપે દારૂની ખાલી બોટલ જે ફેંકી હતી તે ફરી ઉડાવીને છૂટી મારતા રાહુલ નામના છાત્રને વાગી હતી. બૂમાબૂમ થઈ જતા હોસ્ટેલના અન્ય વિદ્યાર્થીઓ બહાર દોડી આવ્યા હતા જેને પગલે હુમલાખોર તત્વોની ગેંગ નાસી છૂટી હતી. રાત્રે પોલીસ બોલાવીને ગોપાલ અને તેના મિત્રો સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને આ સમગ્ર મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે કુલદીપ ગોલ, કેવલ જોશી, દિવ્યરાજ ગોહિલ અને નિખિલ વાઘેલા સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાવા પાસેથી વિદેશી દારૂની હેરાફેરી કરતી કાર ઝડપાઈ

**રાજસ્થાનથી દારૂનો જથ્થો ભરીને અમદાવાદ લઈ જવાઈ રહ્યો હતો : ૫ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ**

ગાંધીનગર, તા.૮

મહુડી - પેથાપુર હાઈવે પરથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર પસાર થઈ રહી હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે ઉનાવા પાટિયા પાસે વોચ ગોઠવી હતી. ગઈકાલે સાંજે એલસીબીની ટીમે વોચ ગોઠવીને આ બાતમીવાળી કાર પકડી પાડી હતી. કારમાં તપાસ કરતા અંદરથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીએ કાર અને દારૂ સહિત રૂ. ૫ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને દારૂની હેરાફેરી કરી રહેલા બે શખ્સોની ધરપકડ કરી લીધી છે. જ્યારે આ માલ જ્યાંથી ભરાયો હતો તે શખ્સ સામે પણ ગુનો દાખલ કરી તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.



ગાંધીનગર એલસીબીની ટીમ ગઈ કાલે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન સાંજે કોન્સ્ટેબલ મહાવીરસિંહ અને ભવાનસિંહને સંયુક્ત બાતમી મળી હતી કે રાજસ્થાનથી વિદેશી દારૂનો જથ્થો ભરીને એક સફેદ કલરની સ્વિફ્ટ ડિઝાયર કાર નંબર જીજે ૦૧ કે.એ ૩૪૫૯ હિંમતગરથી વાયા પેથાપુર થઈ અમદાવાદ જવાની છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે મહુડી-પેથાપુર હાઈવે પર ઉનાવા ગામના પાટીયા પાસે વોચ ગોઠવી દીધી હતી અને બાતમીવાળી કાર પસાર થતા કોર્ડન કરીને આ કારને ઉભી રખાવી મુકી હતી. એલસીબીની ટીમે કારની અંદર તપાસ કરતાં કારમાંથી રૂ.૯૦,૫૦૦ ની કિંમતની કુલ ૧૮૧ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. મૂળ રાજસ્થાનના ડગાર ગામના અને હાલ થલતેજમાં રહેતા રહેતાં મુળજી નાથુજી પટેલ અને ભુરા ભીમજી પટેલ મળી બે શખ્સોને પકડી પાડી એલસીબીએ તેમની પાસેથી દારૂનો જથ્થો, ત્રણ મોબાઈલ, ૩ હજાર રોકડા અને ૪ લાખની કિંમતની કાર મળી કુલ ૪,૯૯,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને પેથાપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો છે. ઝડપાયેલા બંને શખ્સોને દારૂ અંગે પુછતા તેમણે જણાવ્યુ છે કે આ દારૂનો જથ્થો જુહાપુરાના ઈલીયાસ શેઠે શામળાજી પાસે રાજસ્થાન બાજુના ગામડામાંથી ભરી આપ્યો હતો. જેને પગલે પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ૧૩મીએ વલસાડમાં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં બેઠક

આગામી ૧૩મી ફેબ્રુઆરીએ વલસાડ જિલ્લાનાં ધરમપુર ખાતે આવેલ શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે ભાજપ દ્વારા મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં સુરત, નવસારી અને વલસાડ જિલ્લાનાં કાર્યકરોની એક મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. વલસાડ જિલ્લાનો ઈતિહાસ પણ બહુ રસપ્રદ અને નોંધનીય રહ્યો છે કે, જે પક્ષ આ વલસાડ બેઠક જીતે તે પક્ષની સત્તા કેન્દ્રમાં બને છે અને તેથી ભાજપે તેને ધ્યાનમાં લઈ આ બેઠક કોઈપણ ભોગે કબ્જે કરવાના ભાગરૂપે અહીં ચૂંટણીલક્ષી કવાયત આરંભી છે. વલસાડ જિલ્લાના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે તા.૧૩મી ફેબ્રુઆરીએ આયોજિત મહત્વની બેઠક અંગે વલસાડ ભાજપનાં જિલ્લા પ્રમુખ અને પારડીનાં ધારાસભ્ય કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી અમિત શાહ દ્વારા ત્રણ કે ચાર જિલ્લાઓ વચ્ચે ક્લસ્ટર બેઠકનું આયોજન કરીને માર્ગદર્શન મેળવવામાં આવશે.



## ચાણક્ય પબ્લિક સ્કૂલ ખાતે ક્વીઝ સ્પર્ધા યોજાઈ

તાલુકાના ગિયોડ ચાણક્ય પબ્લિક સ્કૂલમાં ધોરણ-૧ થી ૭માં અભ્યાસ કરતા બાળકો માટે ખાસ વિશિષ્ટ ક્વીજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સામાન્યજ્ઞાન, ઐતિહાસિક સ્થળો, ગણિત, વિજ્ઞાન, પ્રાદેશિક માહિતી, તહેવારોને લગતાં વિવિધ પ્રશ્નોતરીરૂપે ક્વીઝ સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ. સ્પર્ધા દરમ્યાન બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે ધોરણ ૫ થી ૭માં સાચી ટીમ અને ધોરણ-૧ થી ૪માં તક્ષશિલા ટીમ વિજેતા બની હતી. આ ક્વીઝ સ્પર્ધાને સફળ બનાવવા સંસ્થાના સારસ્વત મિત્રોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્ય ચેતનાબેન ચૌધરીએ વિજેતા ટીમ, ભાગ લેનાર તમામ સ્પર્ધકો અને સારસ્વત મિત્રોએ અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

# વિનસ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિઝિયોથેરાપીના વિદ્યાર્થીઓ ઘરડાઘર અને સાયન્સ સિટીની મુલાકાતે

ગાંધીનગર, તા.૮

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી,



ગાંધીનગર દ્વારા સાયન્સ સિટી અને ઘરડાંઘરની મુલાકાતનું આયોજન ૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ મુલાકાતનો હેતુ ઘરડાં માણસોના સ્વાસ્થ્યની હાલતનો અભ્યાસ, તેઓની જીવન શૈલી, તેમની બીમારી અને સ્નાયુઓ તથા મનોવિજ્ઞાનને લગતી ફરિયાદના નિરીક્ષણનો હતો. તેમાં ફિઝિયોથેરાપી વિદ્યાર્થીઓની શું ભૂમિકા છે તે અંગે ની જાણકારી મેળવવાની હતી. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ ઘણા ભાવુક બની ગયા હતા અને તેઓએ સમાજમાં માતા પિતા અને ઘરડાં માણસો ની દેખરેખ અને કાળજી રાખવાનો સંદેશો પહોંચાડવાનો સંકલ્પ લીધો હતો.

સાયન્સ સિટીમાં વિદ્યાર્થીઓએ વિવિધ ગ્રહ વિષે ની માહિતી મેળવી હતી તેમ જ પૃથ્વીની બહારની દુનિયા, ગ્રહો વિષે જે પ્રદર્શન ચાલી રહ્યું છે તેમાં ભાગ લીધો હતો.

વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી ના પ્રિન્સિપાલ ડો. અરવિંદ ચૌહાણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીની આ મુલાકાત ખુબ જ સફળ અને શિક્ષિત રહી હતી. વિદ્યાર્થીઓ આ મુલાકાતનો એક અહેવાલ પણ રજુ કરશે જેમાં તેઓએ કઈ કઈ વસ્તુ વિષે માહિતી મેળવી તે અંગે ની રજુઆત પણ કરવામાં આવશે.




ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી અભિયાનનો આરંભ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે ગાંધીનગર તાલુકાના તારાપુર ગામેથી કરાવ્યો હતો. આઈ.સી.ડી.એસ. આરોગ્ય અને શિક્ષણતંત્રના ઉપક્રમે યોજાયેલ આ સમારોહમાં જિલ્લા વિકાસ અધિકારીએ બાળકો સુટેવો કેળવે તેના પર સમજાવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. એમ.એસ. સોલંકી, સરપંચ ગૌરીબેન ઠાકોર સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માર્ગ સલામતી સપ્તાહ અન્વયે અંધ બાળકો દ્વારા કાર્યક્રમ રજૂ કરાયો

માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત વાહનચાલકોને માર્ગદર્શન આપવા સંદર્ભે વાહન વ્યવહાર કમિશનર કચેરી તરફથી અલગ અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. સર્વિસ એસોસીએશન ફોર ધી



બ્લાઈન્ડ અમદાવાદ સંચાલિત અંધશાળા ગાંધીનગરના અંધ બાળકો દ્વારા 'અમુલ્ય માનવ શરીરમાં એક અંગ ન હોવાની વેદના'ના સંદેશ સાથે વિવિધ પ્રકારના કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા. ગાંધીનગરમાં વાહન વ્યવહાર કમિશનર કચેરી અને અંધશાળા સે-૧૬ના સંયુકત ઉપક્રમે માર્ગ સલામતી મેળાનું આયોજન કરી રાજય તથા દેશના નાગરિકો તથા વાહન ચાલકોમાં ટ્રાફિક અવેરનેસ આવે અને સલામતીના નિયમોનું પાલન થાય તે માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના અંધ બાળકો દ્વારા માર્ગ સલામતી ઉપર નાટકો, ડાન્સ, ગીત, મોનો એકટીંગ, કવિઝ, ગરબા તથા સૂત્રોચ્ચાર કરી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. બાળકોએ માર્ગસલામતી વિષય સંદર્ભે 'અમુલ્ય માનવ શરીરમાં એક અંગ ન હોવાની વેદના'નો સંદેશ આપ્યો હતો. સંસ્થા તરફથી શાળા તથા અંધ બાળકોને પ્રમાણ પત્ર તથા ઈનામ આપી બિરદાવવામાં આવ્યા હતા. માનદ મંત્રી જયંતિભાઈ બી. પટેલના જણાવ્યા મુજબ, અંધ બાળકોના આવા પ્રયાસોને રાજયના નાગરિકોએ માન આપી માર્ગ સલામતીના નિયમોનું પાનલ કરીએ.

# ગાંધીનગરમાં યુવા આક્રોશ મંચ દ્વારા રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં આગામી તા. ૧૨ ફેબુઆરીના રોજ સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે થી વિધાનસભા સુધી યુવા આક્રોશ મંચ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજયની અંદર શિક્ષકોની મોટી ભરતીને લઈને છેલ્લા ૨ વર્ષથી આંદોલન ચાલુ છે.રાજયની અંદર ૨૦૮૦૦ જગ્યાઓ ખાલી હોવા છતા સરકારે માત્ર ૩૨૬૨ જગ્યાઓની ભરતી કરી ઉમેદવારોના ભવિષ્ય સાથે ચેડા કર્યા છે. ત્યારે ગાંધીનગર ખાતે હજ્જારો ઉમેદવારો યુવા આક્રોશ મંચના નેજા હેઠળ એકત્ર થશે અને સરકાર સુધી પોતાની લાગણી અને માંગણી પહોંચાડશે.

# ગાંધીનગરના વાહનચાલકો ટ્રાફિક સેન્સ કયારે કેળવશે

**ડાબી તરફની લાઈનમાં વાહનો ખડકાઈ જતા અન્ય વાહનચાલકો પરેશાન**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સર્કલો પર પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક સિગ્નલો મુકવામાં આવ્યા છે. મોટાભાગના શહેરીજનો ટ્રાફિક સિગ્નલથી ટેવાઈ ગયા છે અને ટ્રાફિક નિયમોને અનુસરે છે. જયારે ડાભી તરફ જવા માટે હંમેશા લાઈન ખુલ્લી રાખવામાં આવે છે. પરંતુ કેટલાક વાહનચાલકો પોતાના વાહનો લઈને ડાબી તરફ ઉભા થઈ જતા હોય છે. જેને પગલે ડાબી તરફ વાહન લઈને જતા વાહન ચાલકોને આગળ ટ્રાફિક હોવાથી ના છુટકે સર્કલ પર ઉભા રહેવાની ફરજ પડે છે. જેને પગલે વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે પોલીસ તંત્રએ પણ ઠેરઠેર ટ્રાફિક અવેરનેસના કાર્યક્રમો યોજવાની જરુરીયાત ઉભી થઈ છે.

ગાંધીનગર શહેરના વિવિધ માર્ગો અને સર્કલો પર તાજેતરમાં તંત્ર દ્વારા ટ્રાફિક સિગ્નલ મુકવામાં આવ્યા છે. શહેરમાં ટ્રાફિક સમસ્યા નહીવત હોવા છતા ટ્રાફિક સિગ્નલથી વાહન ચાલકો ટેવાઈ ગયા છે. સર્કલો પર મુકવામાં આવેલા ટ્રાફિક સિગ્નલમાં ડાબી તરફ વાહનો સરળતાથી જઈ શકે તે માટે હરહંમેશ ખુલ્લુ રહે છે.ત્યારે તાજેતરમાં ગાંધીનગરમાં ટ્રાફિક સિગ્લન લાગ્યા હોવાથી કેટલાક વાહન ચાલકો ડાબી લાઈનમાં વાહનો લઈને ઉભા રહી જતા ડાબી તરફ જવાવાળા વાહનચાલકો હેરાન પરેશાન થઈ જાય છે. ટ્રાફિક સિગ્નલમાં ડાબી તરફ જનાર વાહનચાલકોને પણ ફરજીયાત સિગ્નલમાં ઉભા રહેવું પડે છે. ત્યારે ગાંધીનગર શહેરના નાગરીકોમાં ટ્રાફિક અવેરનેસ કેળવાય તે અત્યંત જરુરી બન્યું છે. તો બીજી તરફ પોલીસ તંત્રએ પણ ટ્રાફિક નિયમોના પાઠ શીખવાડવા માટે જાગૃતિ કાર્યક્રમ યોજવાની જરુરીયાત ઉભી થઈ છે. જયારે શહેરના ચ-૩ સર્કલ ખાતે ફરજ બજાવતા કર્મચારીઓનું ટ્રાફિક મેનેજમેન્ટ પણ અન્ય કર્મચારીઓએ જોવા જેવું છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
જાહેરાત નંબર : એબી/ટીસી/૧૦, સને ૨૦૧૮-૧૯
ટેન્ડર આઈડી નં. ૩૪૮૩૧૬

**ગ્રામ્ય વિસ્તારનાં પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી "Procurement of Laboratory Chemicals for GWSSB Labs." માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. જે કામોની અંદાજીત કિંમત રૂ. ૧૮.૬૩ લાખ, બાનાની રકમ રૂ. ૧૮,૬૨૫/- અને ટેન્ડર ફી રૂ. ૯૦૦/- છે. ટેન્ડર ઓન લાઈન સબમીશન કરવાની છેલ્લી તા. ૨૨/૨/૨૦૧૯ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે. સદર કામ માટે અગાઉનું ટેન્ડર આઈડી નં. ૩૪૬૮૧૩થી આપેલ ટેન્ડર રદ કરવામાં આવેલ છે.

માહિતી/૨૮૮૫/૧૮-૧૯